જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૨/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૬૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૩૨,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ બીયરટીન, ૦૨ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૬/૨૦૨૨**

**આનંદનગરઃ** સેટેલાઈટ વિશાલ ટાવરની બાજુમાં સાજન એપાર્ટમેન્ટ ખાતે ભાડાના મકાનમાં રહેતા કોમલબહેન ડૉ/ઓ જગદિશભાઈ દવે (ઉ.વ.૨૯)( મુળ વતન:-"રમાસદન", ટાગોરનગર સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૨/૨૨ સાંજના ૭/30 વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઈ દેવરાજભાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ખુશી ડો/ઓ ધર્મરાજ ગોસ્વામી (ઉ.વ.૧૭)(રહે,ધુળાભાઇ પટેલની ચાલી ગેટ નંબર-૦૧, શેઠ સી.એલ.સ્કુલની પાછળ, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૨ બપોરના 3/00 થી રાતના ૮/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે માળીયાના કબાટના હેન્ડલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પંકજભાઇ અશોકભાઇ દેસાઇ (ઉ.વ.૪૫)(રહે.ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૨/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૨/૨૦૨૨ સાંજના ૭/30 વાગે પંકજભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**રામોલઃ** નંદાબહેન વા/ઓ સુરેશભાઇ વાઘેલા (ઉ.વ.૫૫)(રહે.રબારીના મકાનમાં, ગોગા મહારાજના મંદિર સામે, ભરવાડ વાસ, વસ્ત્રાલ ગામ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોશીન છાંટી સળગી જતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમયાન તા.૦૨/૧૨/૨૦૨૨ ના કલાક ૪/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનુભાઈ વિરાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી